# મહારાજા કૃષ્ણકુમારસિંહજીભાવનગર યુનિવર્સિટી

**એડમિશન સેલ**

**મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી**

# માહિતી પુસ્તિકા

**(2024-25)**

**(મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર)**

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ઓનલાઈન એડમિશન કમિટી
B.A., B.Com., B.Sc., B.Sc(IT), B.C.A., B.B.A., B.S.W., B.R.S.

સરદાર વલ્લભભાઈ પટેલ કેમ્પસ
ગૌરીશંકર તળાવ રોડ, ભાવનગર.

ઈ-મેઈલ:- admission@mkbhavuni.edu.in
વેબસાઈટ: **www.mkbhavuni.edu.in**
ટેલિફોન: **0278-2430007**

**B.R.S. પ્રવેશ માટે:** ગ્રામીણ અભ્યાસની સ્નાતક (Bachelor of Rural Studies)ની ડિગ્રી માટેના ઉમેદવારે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ ૧૨) કોઈપણ પ્રવાહ સાથે અને 40 ટકા માર્ક્સ સાથે પાસ કરેલી હોવી જોઈએ. SC/ST ના ઉમેદવારોને પાસિંગ માર્ક્સમાં છૂટછાટ મળે છે. (A candidate for the degree of must have passed the Higher Secondary (12th Standard) School Certificate Examination of the Gujarat Secondary Education Board with any stream and having 40 percentage of marks. Candidate of SC/ST get relaxation of Passing Marks.)

**B.S.W. પ્રવેશ માટે:** **કોઇ પણ વિદ્યાશાખામાં ઉચ્ચતર માધ્યમિકમાં ૪૦% કે તેથી વધુ ગુણ ધરાવતા વિદ્યાર્થીઓ પ્રવેશ માટે લાયક ગણાશે. SC/ST વિદ્યાર્થીએ ઉક્ત પરીક્ષા પાસ કરી હશે તો પ્રવેશ પાત્ર ગણવામાં આવશે. પ્રવેશ મેરીટનાં આધારે આપવામાં આવશે.**

**B.B.A. પ્રવેશ માટે: [Updated in A.C. 30-05-2019, R.No.(32)]:**

B.B.A.ના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે ઉમેદવારે અંગ્રેજી અને નીચેનામાંથી કોઈપણ એક વિષય સાથે ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ:

(1) ગણિત (2) ભૌતિકશાસ્ત્ર (3) આંકડાશાસ્ત્ર, (4) વ્યાપાર ગણિત (Business Mathematics)

(5) એકાઉન્ટન્સી/એકાઉન્ટિંગનું તત્વ (નામાના મૂળ તત્વો) (Element of Accounting)

શિક્ષણનું માધ્યમ અંગ્રેજી હોવાથી વર્નાક્યુલર માધ્યમના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજીમાં લઘુત્તમ કટ-ઓફ માર્ક્સ એડમિશન ઓથોરિટી દ્વારા નક્કી કરવામાં આવશે.

## ૭. આરક્ષણ જોગવાઈ:-

**ખાસ નોંધ:** **સુપરન્યુમરીક સીટ માટે જે – તે કેટેગરીના ઉમેદવારો દ્વારા જ ભરવાની રહેશે. જો આવા ઉમેદવાર ન મળે તો તે જગ્યાઓ ખાલી રહેશે.**

**૭.૧ ગુજરાતના વતનીઓ માટે પ્રવેશ અંતર્ગત નીચે મુજબ આરક્ષણ/અનામતનીજોગવાઇ રાખવામાં આવે છે.**

- **૭.૧.૧ અનુસુચિત જાતિ - ૭ %**
- **૭.૧.૨ અનુસુચિતજનજાતિ- ૧૫ %**
- **૭.૧.૩ સામાજિક તથા શૈક્ષણિક પછાત વર્ગો તેમાં (વિધવાઓ તથા અનાથ વ્યક્તિ જે કોઇપણ જ્ઞાતિ હોય) - ૨૭ %**
- **૭.૧.૪. દિવ્યાંગો- ૫%**
- **૭.૧.૫. આર્થિક રીતે નબળા– ૧૦ %**
- **૭.૧.૬. એકેડેમિક વિભાગના તા. ૧૭/૧૧/૨૦૧૬ ના પરિપત્ર ક્રમાંક: એકેડે/પીએચ.ડી./ ૨૧૩૪/૩૩૫૭/૨૦૧૬ મુજબ વિવિધ અભ્યાસક્રમોમાંવર્ગદીઠ નક્કી થયેલ સંખ્યામાં એક વધારાની સીટ સીંગલ ગર્લ ચાઇલ્ડને આપવાનું ઠરાવવામાં આવેલ છે.**
- **૭.૧.૭. એકેડેમિક વિભાગના તા. ૧૧/૧૨/૨૦૧૪ ના પરિપત્ર ક્રમાંક : એકેડે/જોડાણ/૨૪૮૮/ ૩૮૪૯/૨૦૧૪ મુજબ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી સંચાલિત સ્નાતક કોલેજોમાં વર્ગ દીઠ-૨ જગ્યા યુનિવર્સિટીના કાયમી કર્મચારીના સંતાનો માટે સુપરન્યુમરી રાખવી. આ જગ્યાઓ પર મેરીટના ધોરણે પ્રવેશ આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે.**
- **૭.૧.૮. એકેડેમિક(વિદ્યા) વિભાગના તા. ૧૯/૦૭/૨૦૦૧ ના પરિપત્ર ક્રમાંક:એકેડે/વિદ્યા/ ૪૯૧/૧૧૭૪/૨૦૦૧ મુજબ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની સંચાલિત/સંલગ્ન કૉલેજો, અનુસ્નાતક ભવનો, અનુસ્નાતક કેન્દ્રો, ડિપ્લોમા કોર્સીસમાં પરિપત્ર મુજબ સચિવશ્રી, માનવ સંશાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હીના તા.૧૩/૦૭/૨૦૦૧ના પત્ર મુજબ જમ્મુ–કાશ્મીરના વિદ્યાર્થીઓ માટે સુપરન્યુમેરીક ક્વોટા વધારેમાં વધારે ૫% રાખવાની રહેશે.**
- **૭.૧.૯ સ્પોર્ટ્સક્વોટાની ૧ સીટ રાખવાની રહેશે. વર્ગ દીઠ – સુપર ન્યુમેરિક સીટ**

૭.૨ ઉમેદવાર જો અનામત જગ્યા પર પ્રવેશ મેળવવા ઇચ્છે તો તેણે જે-તે જગ્યા અનુરૂપ જરૂરી પ્રમાણપત્રો ઓનલાઈન (online) રજુ કરવાના રહેશે. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગમાં આવતા ઉમેદવાર નોન ક્રિમિલિયર અને જાતિના દાખલા અંગેનું પ્રમાણપત્ર ઓનલાઈન(online)રજૂ કરવાનું રહેશે.

૭.૩ જાતિ અંગેનું પ્રમાણપત્ર/દાખલો એ જ માન્ય રહેશે જે ગુજરાત સરકારના સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરેલ હોય તે

રજુ કરવાનો રહેશે.

૭.૪ સક્ષમ અધિકારીનું નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૭.૫ આ પ્રમાણપત્ર ૧ એપ્રિલ, ૨૦૨૨ કે તે પછી ઈશ્યુ થયેલુ હોય તો તે માન્ય રહેશે. અને જે ઉમેદવાર જે-તે પ્રમાણપત્રો નિયત સમયમાં રજૂ કરવામાં અસફળ રહેશે તો તે અનામત જગ્યા માટે ગેરલાયક ઠરશે અને બિનઅનામત જગ્યામાં નિયમાનુસાર પ્રવેશ પાત્રતા માટે યોગ્ય ગણાશે.

૭.૬ જો અનામત કક્ષાનો ઉમેદવાર પોતાના મેરિટ મુજબ બિનઅનામત કક્ષામાં પ્રવેશ મેળવે છે તો તે ઉમેદવાર તેની પસંદગી મુજબ પ્રવેશ મેળવે છે માટે ઉમેદવારને તેની પસંદગી મુજબ પ્રવેશ આપવામાં આવશે.

૭.૭ અનામત કક્ષાની જગ્યા પર પ્રવેશ ઇચ્છુક ઉમેદવારના પ્રમાણપત્રોની ગુજરાત રાજય સરકાર વતી ખાતરી કર્યા પછી જ પ્રવેશ આપવામાં આવશે. જો જાતિનો દાખલો ચકાસતા તે અમાન્ય ગણાશે તો તે જે-તે ઉમેદવાર અનામત જગ્યા પર પ્રવેશ માટેનો દાવો કરી શકશે નહીં અને જો ઉમેદવારે પ્રવેશ મેળવી લીધો હશે તેવા સંજોગોમાં તે પ્રવેશ રદ ગણાશે અને આવા ઉમેદવાર માટે બિનઅનામત કક્ષામાં જગ્યા હશે તો ઉપલબ્ધ જગ્યા અનુસાર મેરિટના નિયમાનુસાર પ્રવેશ માન્ય ગણાશે.

૭.૮ આરક્ષિત જગ્યા પર પ્રવેશ આપ્યા બાદ આ જગ્યા વણપૂરાયેલી રહેશે તો તેને બિન-અનામત કક્ષામાં તબદીલ કરવામાં આવશે.

(પ્રવેશ બાબતે વધારાની સીટ ઉપર જરૂર જણાય ત્યારે પ્રવેશ આપવા માટે માન.કુલપતિશ્રીને અધિકૃત કરવામાં આવે છે.)

૭.૯ સીટ કન્વર્ટ ની સત્તા જે તે કોલેજ/ભવનના અધ્યક્ષશ્રી/આચાર્યશ્રી/કો-ઓર્ડીનેટરશ્રીને આપવામાં આવેલ હોય, નીચેની વિગતે પોર્ટલ પર સીટ કન્વર્ટ કરવાની રહેશે. અને <u>એકવાર સીટ કન્વર્ટ કરાયા બાદ સુધારી શકાશે નહિ.</u>

[ એસ.સીની સીટ - એસ.ટીમાં , એસ.ટીની સીટ ઓ.બી.સીમાં , ઓ.બી.સીની સીટ જનરલમાં EWS સીટ જનરલમાં અને જનરલની સીટ અધર બોર્ડ/અધર યુનિ.માં તથા અધર બોર્ડ/અધર યુનિ.ની સીટ જનરલમાં ..]

૮. દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત/આરક્ષણ દરેક કેટેગરીમાંપ% જગ્યા વિકલાંગોના કાયદાની જોગવાઇ ૧૯૯૫ અંતર્ગત અનામત રહેશે. જે ઉમેદવારો શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરી શકે તેમના માટે છે.

સમજુતી: "વિકલાંગ વ્યક્તિ " એટલે એ વ્યક્તિ જેને ૪૦ % થી ઓછી ન હોય તેવી શારીરિક પીડાથી પીડિતને સરકારી મેડીકલ કૉલેજ / હોસ્પિટલ દ્વારા પ્રમાણિત કરેલ હોય.

## ૯. સુરક્ષાદળ અને તેના નિવૃત્તસેવાકર્મીના બાળકો માટે અનામત તથા શહીદોના સંતાનો માટે સુપરન્યુમેરીક સીટ

નોંધ: સુરક્ષાદળ અને તેના નિવૃત્ત સેવાકર્મીના બાળકો માટે ૧ સીટ તથા શહીદોના સંતાનો માટે ૧ સીટ સુપરન્યુમેરીક સીટ અનામત રહેશે.

જે ઉમેદવાર સેવા નિવૃતકર્મી કક્ષામાં પ્રવેશ મેળવવા ઇચ્છે તો તેણે નિયામકશ્રી, સુરક્ષા કલ્યાણ બોર્ડ તથા જિલ્લા સુરક્ષા કલ્યાણ અધિકારી દ્વારા પ્રમાણિત પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. સુરક્ષાદળ ઉમેદવારોએ તેઓ જે જગ્યાએ સેવા આપે છે. તેમના કમાડીંગ ઓફિસર દ્વારા પ્રમાણિત પ્રમાણપત્ર આપવાનું રહેશે.

**9.1** એકેડેમિક વિભાગનો તા.૧૫/૦૩/૨૦૧૯ના પત્ર મુજબ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં ભણતા અને પ્રવેશ પામતા શહીદોનાં સંતાનો માટે યુનિવર્સિટીના તમામ યુ.જી./પી.જી./ડીપ્લોમા/પી.જીડિપ્લોમા/સર્ટિફીકેટ/એમ.ફિલ./પીએચ.ડી.નાં અભ્યાસક્રમો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી યુનિવર્સિટીના તમામ વિભાગો/સંચાલિત કોલેજોમાં તમામ પ્રકારની ફી ભરવામાંથી મુક્તિ આપવાનુ નકકી કરેલ છે.

**9.2** વિવિધ બોર્ડના ઉમેદવારોને દ્વારા વહેંચણી પ્રવેશ માટે ઉપલબ્ધ સીટોની વહેંચણી તૈયાર કરેલ મેરીટ યાદી મુજબ થશે. મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી શાળાઓમાંથી જે ઉમેદવારોએ ક્વોલિફાઇંગ પરીક્ષા પાસ કરી હોય તેમના માટે ૮૫% સીટ અનામત રહેશે અને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી વિસ્તાર બહારની સ્કુલોમાંથી જેમણે પરીક્ષા પાસ કરી હોય તેમના માટે ૧૦% સીટ અનામત રહેશે, ૫% સીટ ગુજરાત સિવાયના રાજયોના ઉમેદવાર માટે અનામત રહેશે.